**SHETH ANANDJI KALYANJI**
(A Religious Charitable Trust) Representative of all India Jain Shwetamber Murtipujak Shree Sangh
Regn. No. A/1299/Ahmedabad.

**શેઠ આણંદજી કલ્યાણજી**
*(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ) અખીલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘના પ્રતિનિધિ*
*ટ્રસ્ટ રજી. નં. એ/૧૨૯૯/અમદાવાદ.*

જા. નં.

તા. તા. ૨૩/૧૦/૨૦૧૮

# <u>પ્રેસ નોટ</u>

ઝારખંડ રાજ્યમાં આવેલ તીર્થ શ્રી સમ્મેત શિખરજી પર્વત (પારસનાથ હીલ) જૈનો માટે ખુબજ પૂજનીય અને પવિત્ર છે અને મૂર્તિ સમાન છે. તા. ૨૩ /૦૮ / ૨૦૧૮ ના રોજ આણંદજી કલ્યાણજી પેઢીમાંથી અમે ઝારખંડના મુખ્યમંત્રીશ્રી રઘુબર દાસજી ને આ પર્વતાધિરાજની પૂજનીયતા અને પવિત્રતાને જાળવી રાખવા માટે યોગ્ય પગલાં લેવાં પત્ર પાઠવ્યો હતો.

અમોએ આચાર્ય ભગવંતોનું ખુબ સુંદર માર્ગદર્શન મેળવીને અને સમાજના વડીલો સાથે વિચાર વિમર્શ કરીને તા. ૨૨ /૧૦ / ૨૦૧૮ ના રોજ પેઢીના ટ્રસ્ટીશ્રી શ્રીપાલભાઇ શાહ, જૈન શ્વેતામ્બર સોસાયટી ના પ્રમુખ શ્રી કમલસિંઘ રામપુરીયાજી તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ, જૈન સમાજના અગ્રણીઓ, ભારત સરકારના અલ્પ સંખ્યક આયોગના સભ્ય શ્રી સુનિલભાઇ સિંઘી સાથે મુલાકાત લીધી હતી.

માનનીય મુખ્યમંત્રીશ્રી એ આ પર્વતાધિરાજને પૂજનીય અને પવિત્ર યાત્રાધામ સ્થળ જાહેર કર્યો અને આ અંગે સરકારશ્રી એ હુકમ કરેલ છે. જેનાથી જૈન સમાજમાં અતિ હર્ષ અને ઉલ્લાસ ની લાગણી ફેલાઇ છે.

અમે ઝારખંડના માનનીય મુખ્યમંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી અને સરકારને શત શત ધન્યવાદ આપવા પૂર્વક સહ પ્રત્યે હાર્દિક આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આચાર્ય ભગવંતોને અમે વંદન કરીએ છીએ અને સમગ્ર સમાજથી જે અમને સાથ અને સહકાર મળ્યો તેના માટે સર્વેનો અને ખાસ કરીને રાજ્યસભાના સાંસદશ્રી પરિમલભાઇ નથવાણી, અલ્પસંખ્યક આયોગના સભ્યશ્રી સુનિલભાઇ સિંધી, જૈન શ્વેતામ્બર સોસાયટી ના પ્રમુખ શ્રી કમલસિંઘજી રામપુરીયા તથા ટ્રસ્ટીશ્રીઓ તથા આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટીશ્રીઓ ને ધન્યવાદ આપવા પૂર્વક હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ.

શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થ નો વિકાસ શ્રી જૈન શ્વેતામ્બર સોસાયટી અને આણંદજી કલ્યાણજી પેઢી સાથે રહીને કરશે.

**Head Office :** "Shreshthi Lalbhai Dalpatbhai Bhavan"
25, Vasantkunj, New Sharda Mandir Road,
Paldi, Ahmedabad - 380 007.
Ph. : 079-26644502, 26645430
Tele. Fax : 079-26608244, 26608255
E-mail : shree_sangh@yahoo.com
Office : Patni's Khadki, Zaveriwad,

**હેડ ઓફીસ :** *"શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન"*
*૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,*
*પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.*
*ફોન : ૦૭૯-૨૬૬૪૪૫૦૨, ૨૬૬૪૫૪૩૦*
*ટેલી ફેક્સ : ૦૭૯-૨૬૬૦૮૨૪૪, ૨૬૬૦૮૨૫૫*
**ઓફીસ :** *પટણીની ખડકી, ઝવેરીવાડ,*
*અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯*